# શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલની સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬.

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે બેંકની ૪૯મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૮-૭-૨૦૨૩, મંગળવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે, ટાગોર હોલ, પાલડી, અમદાવાદ-૭ મુકામે નીચેના કામકાજ માટે મળશે, જેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

### • કાર્યસૂચિ •

૧) તા.૨૬-૯-૨૦૨૨ના રોજ મળેલ અડતાળીસમી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

૨) તા.૩૧-૩-૨૦૨૩ના રોજ પુરા થતાં વર્ષ માટે બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી મંજૂર કરેલ વાર્ષિક કામકાજનો અહેવાલ, બેંકના ઓડિટ થયેલા હિસાબો (સરવૈયું તથા નફા-નુકશાન ખાતું) મંજૂર કરવા બાબત.

૩) બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કરેલ ભલામણ મુજબ નફાની વહેંચણી.

૪) સને ૨૦૨૨-૨૦૨૩ના હિસાબો ઓડિટર્સે તપાસી ઓડિટ રિપોર્ટ મોકલેલ છે તેની નોંધ લેવા બાબત.

૫) સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટે બેંકના હિસાબો તપાસવા ઓડિટર્સની નિમણૂંક કરવા તથા તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત.

૬) પેટા કાયદા સુધારા મંજુર કરવા બાબત.

૭) ચેરમેનશ્રી તરફથી અગર તેઓશ્રીની સંમતિથી જે કોઈ કામ રજૂ થાય તે ઉપર વિચારણા કરી ઘટતું કરવા બાબત.

**CA જયશ્રીબેન વ્યાસ**
મેનેજીંગ ડિરેક્ટર
બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચનાથી.

તા. ૦૩-૦૭-૨૦૨૩
અમદાવાદ.

નોંધ :-

૧. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે જ દિવસે અડધા કલાક બાદ તે જ સ્થળે તે જ કામો કરવા માટે મળશે, જે કાયદેસર ગણાશે.

૨. જે સભાસદોને બેંકના સરવૈયા તથા નફા-નુકશાનના હિસાબો બાબતમાં વધુ માહિતીની જરૂર હોય તેમણે સભાની તારીખના સાત દિવસ અગાઉ બેંકને લેખિત માંગણી મોકલી આપવા વિનંતી છે, જેની સભામાં માહિતી પૂરી પાડી શકાય.